# ઉત્તર ગુજરાતમાં કોરોના વકરતાં આંશિક લૉકડાઉનની સંભાવના

## ૫૭૦૦ લોકોનો કોરોના ટેસ્ટ : કોરોનાનો ટેસ્ટ કરાવતા લોકો પૈકી ૧૭ ટકા લોકો પોઝિટિવ, સ્થિતિ બેકાબુ બનતી હોવાના અણસાર

બાયડ તા.૦૬ કોરોનાની સ્થિતિ બેકાબુ બની ગઈ છે. રાજ્યની વડી અદાલતે પણ આંશિક



લૉકડાઉનની જરૂરીયાત હોવાનું નોંધ્યું છે. આ સંજોગોમાં હાઈકોર્ટની સૂચના પછી ગુજરાત સરકાર આંશિક લૉકડાઉન સહિત કોરોનાને નાથવા માટે કડક નિયંત્રણો ગમે તે ઘડીએ અમલી બનાવી શકે છે. ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં લૉકડાઉન આવવાની સંભાવનાથી મંગળવારે સમી સાંજથી ખરીદી માટે લોકોની ભીડ જોવા મળી. પાછલા ૨૪ કલાક દરમ્યાન ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં ૫૭૪૯ લોકોના કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા તે પૈકી ૧૦૧૪ કેસ પોઝિટિવ હોવાનું આરોગ્ય વિભાગ દ્વારા જણાવાયું છે એનો મતલબ એ થયો કે દૈનિક થઈ રહેલા કોરોના ટેસ્ટમાં ૧૭ ટકા લોકો પોઝિટિવ આવી રહ્યા છે. આ આંકડો સરકારી છે પરંતુ ખાનગી આંકડો તેનાથી પણ વધુ ચિંતાજનક હોઈ શકે છે..!!

રાજ્ય સરકાર અને આરોગ્ય વિભાગ દ્વારા કોરોના રસીકરણની ઝૂંબેશ રંગ લાવી રહી છે છતાં એકાએક કોરોના વિસ્ફોટથી સમગ્ર રાજ્યમાં ચિંતા પ્રસરી છે. બીજી લહેર આટલી હદે ખતરનાક હશે તેનું અનુમાન

### ઉત્તર ગુજરાતમાં કોરોનાની રફતાર

(માહિતી સ્ત્રોત : કોવિડ-૧૯ ડેસબોર્ડ, ગુજરાત)

| જિલ્લો | એક્ટિવ કેસ | કેટલા લોકોના ટેસ્ટ કરાયા |
|---|---|---|
| અરવલ્લી | ૫૮ | ૯૭૧ |
| બનાસકાંઠા | ૧૦૮ | ૧૩૬૨ |
| મહેસાણા | ૪૦૦ | ૨૫૦૦ |
| પાટણ | ૩૨૨ | ૮૪૬ |
| સાબરકાંઠા | ૧૨૬ | ૭૦ |

કરનારા પણ ખોટા ઠરી રહ્યા છે. સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં પણ કોરોનાએ વરવું સ્વરૂપ ધારણ કરી લીધું છે. ૪૭ તાલુકાના મોટાભાગના ગામડાઓમાં કોરોનાના દર્દીઓ હોવાના અહેવાલ છે. દરરોજ વધુ ને વધુ વિસ્તારોમાં પ્રસરતા કોરોનાને નાથવા માટે હવે સરકાર અને સ્થાનિક પ્રશાસને કડક નિયંત્રણો લાદ્યા સિવાય કોઈ આરો બચ્યો નથી. આ સંજોગોમાં આંશિક લૉકડાઉન ગમે તે ઘડીએ અમલી બની શકે છે. ઉત્તર ગુજરાતના શહેરી વિસ્તારના અનેક વેપારીઓએ સ્વયંભૂ લૉકડાઉન અમલી બનાવવાનો નિર્ણય કર્યો છે. આશ્ચર્ય વચ્ચે શહેરી વિસ્તાર કરતાં ગ્રામ્ય વિસ્તાર વધુ સતર્ક હોય તેમ ઉત્તર ગુજરાતના અનેક ગામડાઓમાં પ્રજાએ સ્વયંભૂ લૉકડાઉન અપનાવ્યું છે. જે રીતે વેક્સિનેશન શરૂ થયા પછી કોરોનાની ગતિમાં ઉછાળો આવ્યો છે તે જોતાં કોરોના વેક્સિનેશનથી કેટલા સમયે લોકોને કોરોનાના રોગચાળા સામે રાહત મળશે તેનું આંકલન શરૂ થયું છે. કોરોના બેકાબુ બન્યો હોવા છતાં ઉત્તર ગુજરાતના તમામ વિસ્તારોમાં સોશ્યલ ડિસ્ટન્સ આજે પણ ભૂલાઈ



રહ્યું છે. માસ્ક પહેરનારા લોકોની સંખ્યા માંડ આંગળીના વેઢે ગણી શકાય તેમ છે. માસ્ક નહીં પહેરનારા લોકો પાસેથી દંડ વસુલવાની પોલીસ મહાનિર્દેશકની ચીમકી પણ અત્યારે તો બેઅસર દેખાઈ રહી છે.

# વિકટ સ્થિતિના એંધાણ : અરવલ્લી વહીવટી તંત્ર કોરોનાગ્રસ્ત

## જિલ્લા આયોજન અધિકારી, નાયબ ડી.ડી.ઓ. સહિત ૫ અધિકારી કોરોનાની ઝપેટમાં : કોરોના બેકાબુ છતાં સરકારી કચેરીઓમાં અરજદારોની ભીડ, સોશ્યલ ડિસ્ટન્સ ભૂલાયું

અરવલ્લી વહીવટી તંત્ર કોરોનાગ્રસ્ત બન્યું છે. જિલ્લા આયોજન અધિકારી સુરેન્દ્રસિંહ ડાભી, નાયબ ડી.ડી.ઓ. કે. કે. પટેલ, હિસાબી શાખાના સાગર જોષી, ડિસ્ટ્રીક્ટ લેવલ એક્ઝીક્યુટીવ ચિરાગ પંચાલ, ભિલોડા મામલતદાર કોરોનાગ્રસ્ત થતાં હોમ ક્વોરન્ટાઈન થયા છે. તે અગાઉ જિલ્લાના વધુ ૭ કર્મચારીઓ કોરોનાની ઝપેટમાં આવી ગયા છે. આવી સ્થિતિ ચાલશે તો અરવલ્લી વહીવટી તંત્ર સંપૂર્ણપણે કોરોનાગ્રસ્ત બની શકે છે. સરકારી કચેરીઓમાં કોરોનાની ઘૂસણખોરી છતાં સરકારી કચેરીઓમાં અરજદારોની ભીડ એકત્ર થઈ રહી છે. સોશ્યલ ડિસ્ટન્સ ભૂલાઈ રહ્યું છે.

અત્યાર સુધી જિલ્લાનું આરોગ્ય અને વહીવટી તંત્ર કોરોના કાબુમાં હોવાના દાવા કરતું હતું પરંતુ જિલ્લામાં સ્થિતિ વણસી રહી છે. માત્ર અરવલ્લી જિલ્લામાં જ ૮૦૦ થી વધુ કોરોનાથી સંક્રમિત લોકો હોવાની સંભાવના છે. જે રીતે ભિલોડા થી બાયડ સુધીની સરકારી કચેરીઓમાં કોરોનાએ અધિકારીઓને સંક્રમિત કર્યા છે તે જોતાં સ્થિતિ દિવસે..દિવસે વધુ વિકટ થતી હોવાની સંભાવના છે. જિલ્લાના સરકારી બાબુઓ કોરોનાનું સંક્રમણ ન લાગે તે માટે મુલાકાતીઓથી અંતર રાખી રહ્યા છે. માસ્કનો ઉપયોગ પણ કરી રહ્યા છે છતાં કોરોનાથી સંક્રમિત થવાનું કારણ શું..?? જ્યારે બહાર આવતી વિગતો અનુસાર જિલ્લાની સરકારી કચેરીઓમાં અમદાવાદ અને ગાંધીનગરથી અપ-ડાઉન કરતા કર્મચારીઓએ સરકારી કચેરીઓમાં કોરોનાનું સંક્રમણ લાવ્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આગામી દિવસોમાં મોટાભાગની સરકારી કચેરીઓના અધિકારી-કર્મચારીઓ યોગ્ય તકેદારી નહીં રાખે તો કોરોનાથી સંક્રમિત થવાની સંભાવના છે. મંગળવારે જિલ્લાના અનેક વિસ્તારોમાં શંકાસ્પદ કોરોનાના કેસમાં ઉછાળો આવ્યાની વિગતો છે. જો કે જિલ્લા આરોગ્ય તંત્રએ આવી બાબતને પુષ્ટી આપી નથી. એપ્રિલના આરંભ પછી સરકારી કચેરીઓમાં કોરોનાનું સંક્રમણ વિસ્તરીને અધિકારીઓને પ્રભાવિત કર્યા છે તે જોતાં આગામી દિવસોમાં વધુ ને વધુ અધિકારી-કર્મચારીઓ કોરોનાની ઝપેટમાં આવી શકે છે. જેના કારણે સરકારી વહીવટી કામગીરી ઉપર ગંભીર અસર પડવાની સંભાવના છે.

# કોરોના ઈફેક્ટ : જિલ્લામાં કોરોનાથી ફફડેલા વેપારીઓ સ્વયંભૂ લૉકડાઉન ભણી

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોનાની ભયાવહ સ્થિતિ જોવા મળી છે. જાહેર થતા આંકડા કરતાં અનેક ગણા પોઝિટિવ કેસ હોવાનું પ્રજા માની રહી છે ત્યારે વધતા કોરોનાના કહેરથી ફફડેલા વેપારીઓ સ્વયંભૂ લૉકડાઉન ભણી જઈ રહ્યા છે. શહેરી વિસ્તારોમાં વેપારીઓ આગામી ૨-૪ દિવસમાં જ સ્થાનિક તંત્ર સાથે પરામર્શ કરી મિની લૉકડાઉન લાવી કોરોના સામેની લડતમાં સાથ આપશે તેવું દેખાઈ રહ્યું છે. હિંમતનગરના ગ્રામ્યમાં થયેલી લૉકડાઉનની પહેલ શહેરી વિસ્તારો સુધી વિસ્તરવાની સંભાવના છે.

કુદકે ને ભુસકે વધતા કોરોનાના કેસથી વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્રની ઉંઘ હરામ થઈ ગઈ છે. પ્રથમ લહેરમાં અંકુશમાં રહેલો કોરોના બીજી લહેરમાં સંપૂર્ણપણે નિરંકુશ જણાઈ રહ્યો છે. સૌથી વધુ ચિંતાની વાત એ છે કે કોરોનાનું સંક્રમણ ગામડાઓને ઘેરી રહ્યું છે જેથી ગામડામાંથી શહેરી અને તાલુકા વિસ્તારમાં ખરીદી માટે આવતા લોકો સંક્રમિત હશે તો શહેરી વિસ્તારની પ્રજા અને વેપારીઓના જીવ સામે જોખમ ઉભું થઈ શકે છે. જેના કારણે ફફડેલા વેપારીઓએ સ્વયંભૂ લૉકડાઉનની ચર્ચાઓ તેજ બનાવી છે. આગામી દિવસોમાં કોરોનાનું સંક્રમણનો બિહામણો ચહેરો બહાર આવે તે વેપારીઓએ સ્થાનિક સત્તા તંત્ર પાસે જઈને સ્વયંભૂ લૉકડાઉનની માંગ કરતા હોવાનું પણ જાણવા મળ્યું છે.

# કોરોનાની ધાક : સરડોઈમાં કોરોનાનું સંક્રમણ વધતાં ૨ દિવસનું લૉકડાઉન

## વેપારીઓએ ધંધા-રોજગાર બંધ રાખ્યા

સરડોઈ, બાયડ, તા.૦૬ મોડાસા તાલુકાના સરડોઈમાં કોરોનાના કેસમાં



વધારો થતાં ગ્રામ પંચાયત દ્વારા તા.૬ એપ્રિલથી ૨ દિવસનું લૉકડાઉન અમલી બનાવ્યું છે. વેપારીઓએ ધંધા-રોજગાર બંધ રાખી કોરોનાના સંક્રમણને નાથવાના સ્થાનિક તંત્રના પ્રયાસમાં સહભાગી બન્યા છે.

મોડાસા સહિત તેના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનો પંજો પથરાઈ રહ્યો છે. સરડોઈમાં કોરોનાના વધુ કેસ હોવાની સ્થાનિક નાગરિકની ટ્વિટ પછી કલેક્ટરના આદેશ અનુસાર આરોગ્યની ટીમો સરડોઈમાં દોડી આવી હતી. ભલે સરકારી દફતરે સરડોઈ અને પંથકમાં ઓછા કેસ દેખાતા હોય પરંતુ ખાનગી આંકડા હચમચાવે તેવા છે. સરડોઈ ગ્રામ પંચાયત દ્વારા કોરોનાની મહામારીને અંકુશમાં લેવા તા.૬ અને ૭ એપ્રિલ એમ બે દિવસનું લૉકડાઉન જાહેર કરતાં પ્રથમ દિવસથી વેપારીઓએ ધંધા-રોજગાર બંધ રાખ્યા હતા તેમજ તમામ ધંધાર્થી ફરજીયાત કોરોના રસીકરણ કરાવે તેવી અપીલ કરી હતી જેના પગલે વધુ ને વધુ વેપારીઓએ કોરોના વેક્સિનેશન કરાવ્યાનું જાણવા મળ્યું છે.

# ઉત્તર ગુજરાત યલો એલર્ટના મોડ ઉપર સરકી રહ્યું છે, આગ આંકતી ગરમીથી જનજીવનને વ્યાપક અસર

## ગરમીનો પારો ઉંચકાતાં પાણીનું ઝડપી બાષ્પીભવન ચિંતાજનક

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬ કોરોનાના ભયંકર સંક્રમણ વચ્ચે કુદરતે ઉત્તર ગુજરાતની સવા કરોડ માનવ વસતીની પરીક્ષા



લેવાની શરૂ કરી હોય તેમ ગરમીનો પારો ઉંચકાતાં ઉત્તર ગુજરાત યલો એલર્ટના મોડ ઉપર સરકી રહ્યું છે. આગ આંકતી ગરમીથી જનજીવનને વ્યાપક અસર થઈ રહી છે. તળાવો, નદી, ચેકડેમનાં પાણી ગરમીનો પારો ઉંચકાતાં બાષ્પીભવનના કારણે ઝડપથી ઓસરી રહ્યાં છે. ગરમીની આ સ્થિતિ ચાલુ રહે તો એપ્રિલના મધ્યાંતરમાં ઉત્તર ગુજરાત ઓરેન્જ એલર્ટ મોડ ઉપર પણ ઢસડાઈ શકે છે.

ઠંડી પછી ગરમી એ એક કુદરતી નિયમ છે. આ વર્ષે સરેરાશ વરસાદ છતાં જિલ્લા પ્રજાએ ઠંડીની લાંબા સમય સુધી મજા માણી ઠંડીનું પ્રમાણ લાંબા સમય સુધી રહેતાં એકરીતે કુદરતે પ્રજાને મોટો આર્થિક ફાયદો કરી આપ્યો છે. ઠંડી લાંબા સમય સુધી અનુભવાતાં વીજળીનો વપરાશ ઘટ્યો છે અને પ્રજાનું વિજ બીલનું ભારણ કુદરતે ઘટાડ્યું તેમ કહીએ તો પણ ખોટું નથી. પરંતુ છેલ્લા ૫ દિવસથી ઉત્તર ગુજરાતમાં તાપમાનનો પારો સતત ઉંકાઈ રહ્યો છે. ગત રોજ ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રીને પાર કરી ગયું છે. પ્રજાએ સ્વયં સ્વીકારી લીધું છે કે ગરમીથી બચવું હોય તો હવે જાતે જ સમજણ કેળવવી પડશે. જે રીતે આગ આંકતી ગરમીએ ઉત્તર ગુજરાતની પ્રજા અને જનજીવનને તહસ..નહસ કરી નાખ્યું છે તે જોતાં આગામી સપ્તાહમાં પ્રજાએ વધુ આકરા તાપનો પ્રભાવ સહન કરવાની સહનશક્તિ અપનાવવી પડશે. હવામાન વિભાગની આગાહી અનુસાર ઉત્તર ગુજરાતના સાબરકાંઠા અને બનાસકાંઠામાં તાપમાનનો પારો વધુ ઉંચકાય તેવી દહેશત છે તેમજ પવનના કારણે ગરમીનું મોજુ વધુ પ્રભાવિક બની શકે છે. ગરમીનું પ્રમાણ વધતાં વિજ માંગમાં દોઢ ગણો વધારો થયાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. જો કે વિજ માંગનો વધારો છતાં ઉત્તર ગુજરાત વિજ કંપનીને કોઈ ચિંતાનું કારણ નથી કારણ કે ઉનાળુ ખેતીનું વાવેતર પાણી અછતના કારણે ઘટ્યું છે જેથી વીજળી વધુ સરપ્લસ થઈ રહી છે.

# મોડાસા રૂરલ પોલીસ મારામારીના ગુન્હાના આરોપીઓને છાવરતી હોવાનો ફરિયાદીનો આક્ષેપ

મોડાસા રૂરલ પોલીસ છેલ્લા કેટલાક સમયથી વિવાદનું કેન્દ્ર બની રહી છે ફરિયાદીની ફરિયાદ લેવામાં ઉણી ઉતરી રહી હોવાની અને આરોપીઓને છાવરવામાં પાવરધી બનતી હોવાની બૂમો ઉઠી રહી છે ત્યારે વધુ એક મારામારીની ફરિયાદમાં પીડિત પરિવારે મોડાસા રૂરલ પોલીસ આરોપીઓને છાવરતી હોવાનો આક્ષેપ કરી પરિવારજનો રજુઆત કરવા રૂરલ પોલીસ સ્ટેશનમાં પહોંચતા ભારે હોબાળો મચ્યો હતો અને પોલીસ આરોપીઓના ઘરે જઈ ડેલીએ હાથ ફેરવી પરત ફરી રહી હોવાનો આક્ષેપ કર્યો હતો.

# બાયડ પોલીસે ફરિયાદનો ડૂચો વાળ્યો, મોટીસીમલજમાં ધમધમતો દારૂનો અડ્ડો

## ૨૦ થી વધુ મહિલાઓ વિધવા બની, પોલીસ સ્ટેશનની હદમાં દારૂબંધીનું નાટક

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬ બાયડ તાલુકાના મોટીસીમલજમાં ધમધમતા દારૂના અડ્ડા અંગે પોલીસ તેમજ જિલ્લા કક્ષાએ રજૂઆત છતાં કોઈ કાર્યવાહી થઈ નથી. ગામમાં દિવસ-રાત ધમધમતા અરવિંદ બુધાભાઈ ખાંટના દારૂના અડ્ડાના કારણે ૨૦ થી વધુ મહિલાઓ વિધવા બન્યાનો આરોપ ચેતનસિંહ દિનેશસિંહ પગીએ લગાવ્યો છે. જિલ્લા કલેક્ટર તેમજ બાયડ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદો આપ્યા પછી પણ ફરિયાદનો ડૂચો વાળ્યા જેવો ઘાટ સામે આવ્યો છે.

બાયડ પોલીસ સ્ટેશનની હદમાં બાયડ ટાઉન, મોટીસીમલજ, ચોઈલા સહિતના અનેક વિસ્તારોમાં દારૂનાં હાટડાં ધમધમી રહ્યાં છે. ટાઉન પોલીસ સ્ટેશનમાં મૂકવામાં આવેલ પોલીસ કર્મી કોઈ ફેશન શો માટે નિયુક્ત થયા હોય તેવી અદામાં ફરી રહ્યા છે. અનેક અરજદારો અને આરોપીઓ સાથે ઉદ્ધત વર્તન કરતા હોવાની પણ ગંભીર ફરિયાદ છે અને હવે બાયડ પોલીસ સ્ટેશન તાબાના મોટીસીમલજમાં ધમધમતા દારૂના અડ્ડાના કારણે અનેક ગરીબ પરિવારો બરબાદ થઈ રહ્યા છે. ગામની પ્રજા મુખ્યત્વે પશુપાલન અને ત્યારબાદ ખેતીના વ્યવસાય ઉપર નભે છે. દૂધ મંડળીના જે પેમેન્ટ આવે છે તેમાંથી ૩૦ ટકાથી વધુ રકમ દારૂ પીવામાં જ વપરાઈ જતી હોવાનો આક્ષેપકારે જિલ્લા કલેક્ટરને કરેલી ફરિયાદમાં ઉલ્લેખ કર્યો છે.

### પોલીસ વાત સાંભળતી નથી : અરજદાર

મોટીસીમલજના અરજદાર ચેતનસિંહ પગીએ બાયડ પોલીસ ઉપર ખુલ્લો આરોપ લગાવ્યો છે. ગામમાં દારૂનો અડ્ડો ધમધમતો હોવા છતાં પોલીસ કોઈ પગલાં ભરતી નથી. બાયડ પોલીસે કોઈ પગલાં ન ભરતાં છેવટે જિલ્લા કલેક્ટરને લેખિત ફરિયાદ કર્યાનું જણાવ્યું છે.



# બનાસકાંઠામાં કોરોનાનો કહેર જારી : વધુ ૩૫ કેસ નોંધાયા

## પાલનપુરમાં ૦૬, ડીસામાં ૦૭, લાખણીમાં ૦૬, થરાદમાં ૦૫, ભાભરમાં ૦૨, વાવમાં ૦૨, ધાનેરામાં ૦૨ અને વડગામમાં ૦૫ કેસ નોંધાયો : પાલનપુરમાં શનિ-રવિ સ્વૈચ્છીક લોકડાઈન

સરહદી બનાસકાંઠા જિલ્લામાં આજે ફરી એકવાર કોરોનાનો કહેર જારી રહ્યો છે. બનાસકાંઠા જિલ્લામાં આજે કોરોનાના વધુ ૩૫ કેસ નોંધાયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં કોરોનાનો કહેર ચિંતાજનક હદે વધી રહ્યો છે. જેમાં આજે જિલ્લામાં કોરોનાનો રાફડો ફાટતા વધુ ૩૫ કેસ કોરોના પોઝેટીવ આવ્યા હતા. જેમાં જિલ્લા મથક પાલનપુરમાં ૦૬ કેસ નોંધાયા હતા. જ્યારે વેપારી મથક ડીસામાં ૦૭, લાખણીમાં ૦૬, થરાદમાં ૦૫, વડગામમાં ૦૫, ભાભરમાં ૦૨, વાવમાં ૦૨ અને ધાનેરામાં ૦૨ કેસ નોંધાયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું.

પાલનપુર તો કોરોનાનું હોટસ્પોટ બની ગયું છે. જ્યારે ડીસામાં પણ કોરોનાનો વ્યાપ વધતો જાય છે. ત્યારે વધતા જતા કોરોનાને લઈને પાલનપુરમાં તો આવશ્યક ચીજ વસ્તુઓ સિવાયના વેપારીઓએ શનિ-રવિએ સ્વૈચ્છીક લોકડાઉન પાળવાનો નિર્ણય કર્યો હોવાનું પાલિકા ના સૂત્રોએ જણાવ્યું હતું.

# ગરમીનો કહેર : સાબરકાંઠા, અરવલ્લીના ૨૫૦૦ બોર-કૂવાના પાણી ઓસર્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬ ગરમીનો કહેર વધી રહ્યો છે બપોર થતાં ધરતી અંગારો બની રહી છે જેના કારણે સાબરકાંઠા, અરવલ્લીના અનેક વિસ્તારોમાં જળસ્ત્રોત ઉંડા ઉતર્યા છે જેના કારણે ૨૫૦૦ થી વધુ બોર-કૂવાના પાણી ઓસર્યા છે. જેથી મોટરો પાણી ખેંચવામાં ડચકાં ખાઈ રહી છે. કૂવા-બોરના સારા જળસ્ત્રોતથી ઉનાળુ ખેતી કરનારા ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. હજુ તો એપ્રિલના પ્રથમ સપ્તાહમાં આવી સ્થિતિ છે તો કાળઝાળ મે. મહિનામાં શું સ્થિતિ થશે..?? તેની માત્ર કલ્પના કરવી રહી.

વૈજ્ઞાનિકોએ પણ અગાઉ ગ્લેશિયર ઓગળવાની ઘટનાને પગલે ચિંતા વ્યક્ત કરી હતી. વિશ્વમાં તાપમાન આવનારા વર્ષોમાં ૧ થી ૨ ડિગ્રી વધવાની સંભાવના વ્યક્ત થઈ છે. આ બધા પાછળ ગ્લોબલ વોર્મિંગ જવાબદાર છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં જાન્યુઆરીના અંત પછી તળાવ અને ચેકડેમનાં પાણી ઓસરવા લાગ્યાં હતાં તંત્રએ ખાલીખમ તળાવો ભરવા માટે વિભાગ દ્વારા સરકારમાં રજૂઆતો કરી હતી જે અન્વયે એસ.કે.-૨ યોજના હેઠળ નર્મદાનાં નીર કેટલાક તળાવોમાં ઠાલવી મૂંગા પશુઓ માટે પીવાના પાણીનું જળસંકટ ટાળવાનો પ્રયાસ થયો પરંતુ આ માત્ર તળાવો ભરવાની વાત છે પરંતુ બોરકૂવાનાં પાણી ઉંડાં ઉતર્યા હોય તે જળસ્ત્રોત ભરઉનાળે કેવી રીતે ઉંચા લાવી શકાય. જિલ્લાના માલપુર, મેઘરજ, ભિલોડા, ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર સહિતના કેટલાક વિસ્તારોમાં બોરકૂવાનાં તળ ભયજનક રીતે ઉંડાં ગયાં છે. જળાશયોમાંથી પણ પાણીનો જથ્થો ઝડપથી ઓછો થઈ રહ્યો છે. બાયડ સહિતના વિસ્તારોમાં ૩૦ થી ૪૦ ફૂટ ઉંડાઈએ પાણી મળતું હતું તે વિસ્તારમાં પણ જળસ્ત્રોત ૨ થી ૩ મીટર ઉંડાં ઉતર્યાં છે. જે રીતે ભૂગર્ભ જળસ્ત્રોત ઉંડા ઉતરી રહ્યા છે તેના કારણે પ્રજાએ પાણીનો કરકસરથી ઉપયોગ કરવાનું શીખવું પડશે. જિલ્લાના કેટલાક જળાશયોમાં ઉનાળુ ખેતી માટે પાણી આપવાની શરૂઆત થઈ છે પરંતુ જે વિસ્તારોમાં સિંચાઈનો લાભ નથી તેવા ખેડૂતોની હાલત ભરઉનાળે કફોડી બની છે.